અઝરબૈજાનના બાકુમાં યોજાયેલા સીઆઇસીએના 7મા શિખર સંમેલનમાં ભારતની ભાગીદારી

વિદેશ રાજ્ય મંત્રી શ્રી કીર્તિ વર્ધન સિંહે 15 ઑક્ટોબર 2026 ના રોજ અઝરબૈજાનના બાકુમાં યોજાયેલી એશિયામાં પરસ્પર સંવાદ અને વિશ્વાસ નિર્માણનાં પગલાં અંગેની પરિષદ (સીઆઇસીએ)ના 7મા શિખર સંમેલનમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. 7મા સીઆઇસીએ શિખર સંમેલનમાં સભ્ય દેશોએ પ્રાદેશિક સહકારને વધુ મજબૂત બનાવવા, પરસ્પર વિશ્વાસ વધારવા અને એશિયામાં શાંતિને પ્રોત્સાહન આપવા અંગે વિચારવિમર્શ કર્યો હતો.

2. પૂર્ણ અધિવેશનને સંબોધતાં, વિદેશ રાજ્ય મંત્રીએ 'વસુધૈવ કુટુમ્બકમ'ના ભારતના માર્ગદર્શક દર્શન તેમજ સર્વસમાવેશી અને સર્વસંમતિ આધારિત બહુપક્ષીય સહયોગને પ્રોત્સાહન આપવા માટેની ભારતની દૃઢ પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રીએ સીઆઇસીએ પ્રવૃત્તિઓમાં ભારતની ઍક્ટિવ ભાગીદારીને રેખાંકિત કરી અને સીઆઇસીએ સભ્ય દેશોને તમામ પ્રકારના આતંકવાદ સામે એકજૂથ થવા આહ્વાન કર્યું હતું. વિદેશ રાજ્ય મંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો કે તમામ પ્રાદેશિક જોડાણના પ્રોજેક્ટ પારદર્શક, નાણાકીય રીતે સધ્ધર અને સર્વસમાવેશી હોવા જોઈએ તથા તમામ સભ્ય દેશોની રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું યુસ્તપણે સન્માન કરતા હોવા જોઈએ.

3. 7મા સીઆઇસીએ શિખર સંમેલનમાં બાકુ ઘોષણાપત્ર અપનાવવામાં આવ્યું હતું. આ ઘોષણાપત્રમાં અન્ય બાબતોની સાથે, એશિયામાં વિકાસ હાંસલ કરવા માટે વિશ્વાસ નિર્માણનાં પગલાંના તમામ પાસાઓમાં કનેક્ટિવિટી , ડિજિટલાઇઝેશન અને ટકાઉ વિકાસના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

4. સીઆઇસીએના સ્થાપક સભ્ય તરીકે, ભારત સમગ્ર એશિયામાં સર્વસમાવેશી સંવાદ, સર્વસંમતિ નિર્માણ અને સહકારને પ્રોત્સાહન આપવા માટેના એક મહત્ત્વપૂર્ણ મંચ તરીકે સીઆઇસીએ પ્રક્રિયા પ્રત્યે પ્રતિબદ્ધ છે.

નવી દિલ્હી

15 ઑક્ટોબર, 2026